**જિનશાસન ઉદ્યોતકાર, સ્વાનુભૂતિમય જિનધર્મ પ્રભાવક, નિશ્ચયરત્નત્રય વિભૂષિત, અધ્યાત્મયોગી, અદ્ભુત જ્ઞાન–ધ્યાનમય જીવન જીવનાર ગુરુવર્ય તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની**

**130મી મંગલ જન્મજયંતિ પ્રસંગે તેઓશ્રીના ચરણોમાં ભાવભીની વંદના!!**



**અનેક સૈકાઓને તપાસવામાં આવે તો આવા તીર્થંકરદ્રવ્યનો ઉદય હોય અને આટલાં આટલાં લાંબા વર્ષો સુધી સમ્યગ્દર્શન જેવા પ્રયોજનભૂત વિષય ઉપર ઉપદેશ ચાલ્યો હોય, એવું ઉતિહાસમાં ગોતવા જાઓ તો જડે એવું નથી. ઉપકારી થાય એને તો અનંત તીર્થંકરથી વધારે લાગે છે. જેને ગોળી વાગે એના સંસારનું મૃત્યુ થઈ ગયું. એને તો અનંત તીર્થંકરોથી જે કામ ન થયું એ કામ થઈ ગયું.**

**(–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૮, વર્ષ–૨૪, મે–૨૦૧૯

## અષાઢ સુદ ૧૪, શુક્રવાર, તા.૧–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૬૪, પ્રવચન–૨૩

'યોગસાર' એટલે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ છે એની એકાગ્રતા અંદર કરવી એનું નામ યોગ કહે છે. એમાં પણ એનો સાર. ઉગ્ર યોગનો સાર. મુનિની યોગ્યતાનો સાર વિશેષ કહે છે. આત્મા અંતર શુદ્ધ ભાવથી ભરેલો પદાર્થ (છે) એને પુણ્ય-પાપના ભાવથી રહિત પોતાના ત્રિકાળ સ્વભાવમાં એકાગ્ર થઈ અને એમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા પ્રગટ કરવી એનું નામ યોગસાર કહેવામાં આવે છે. એમાં આ ૬૪મી ગાથા ચાલે છે.

'**ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.**' જેણે રાગાદિક છોડી અને આત્માના સ્વરૂપને સાધ્યું છે, શુદ્ધ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એનું એણે સાધકપણે સાધન કરીને સાધ્યું તેવા ધર્માત્માને કહે છે કે, ધન્ય છે. આ પૈસાવાળા હોય કે ધૂળના ધણિ હોય એને ધન્ય નહિ, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- ઈ તો દાન આપે ત્યારે ધન્ય કહેવાય.

ઉત્તર :- ત્યારે પણ ધન્ય નથી. ધૂળમાં દાન આપે તો શું ન્યાં? એઈ.. રમણીકભાઈ! અહીંયાં પચાસ લાખ હોય, એમાં પાંચ હજાર, દસ હજાર આપે એમાં શું ધન્ય કહેવાય? પચાસ લાખ આપે તોપણ ધન્ય નહિ. શુભભાવ થાય, રાગની મંદતા કરે તો શુભભાવ થાય, એ કંઈ આત્માને ધન્ય કરી દ્યે અને આત્મા લક્ષ્મીનું દાન આપે એ છે નહિ. હેં? એય ભાઈ! એવું થાવું મુશ્કેલ, પચાસ લાખમાં દસ લાખ ખર્ચવા પણ મુશ્કેલ છે, એમ કહે છે. પણ એવા પણ નીકળે, લ્યોને! એમાં શું છે પણ હવે? એ કંઈ ધન્ય ચીજ નથી.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદની લક્ષ્મી સંપન્ન પ્રભુ, આત્મામાં શુદ્ધ આનંદ, જ્ઞાનાદિ લક્ષ્મી અંદરમાં પડી છે, એમાં અંદર યોગ નામ જોડાણ કરીને શુદ્ધતાના નિર્મળ ભાવો પ્રગટ કરે એને લક્ષ્મી અને એને ધન્ય કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ? અહીંયાં આવ્યું ને? '**धण्णा ते भयवंत बुह जे परभाव चयंति।**' તે જ્ઞાની ધન્ય છે કે જે પરભાવ નામ પુણ્ય-પાપના વિકાર મેલ છે એને છોડે છે અને '**लोयालोय-पयासयरु अप्पा**' આત્મા કેવો છે? કે, લોકાલોકનો પ્રકાશક છે. અહીં તો આત્માની વ્યાખ્યા જ એવી કરી. ભગવાન આત્મા લોક ચૌદ બ્રહ્માંડ અને અલોક ખાલી, એનો એ પ્રકાશક છે. એવા પ્રકાશક આત્માને નિર્મળ તરીકે નિર્મળ અનુભવે છે. ભગવાન આત્મા નિર્મળ છે, શુદ્ધ છે, પવિત્ર છે એમ અંતરમાં જે સ્વભાવ સન્મુખ થઈને વિભાવ વિમુખ થઈને આત્માને અનુભવે છે એને અહીંયાં

ધન્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

ભાવાર્થ :- '**આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમ શુદ્ધ છે. જ્ઞાન એનું મુખ્ય અસાધારણ લક્ષણ છે.**' લોકાલોક પ્રકાશક કહ્યો ને? જ્ઞાન એ તો એનું લોકાલોક પ્રકાશનું એનું મુખ્ય લક્ષણ છે, એ જ્ઞાન અસાધારણ લક્ષણ છે, લ્યો! સમજાણું? જ્ઞાનમાં એ શક્તિ છે કે એક સમયમાં સર્વ લોક, ત્રણકાળ ત્રણલોક જાણી શકે. એવો ભગવાન આત્મામાં અસાધારણ (એટલે) બીજામાં ન હોય તેવો, બીજામાં ન હોય અને બીજા ગુણમાં ન હોય એવો, એવો આત્માનો જ્ઞાનસ્વભાવ તેને અંતરમાં અનુભવે, એમાં એકાકાર થઈને આનંદસહિત આ જ્ઞાનને અનુભવે તેને ધન્ય કહેવામાં આવે છે. તે પ્રશંસનિક છે. તે હિતકર સાધન કરે છે. સંતોને પણ એ પ્રશંસ નામ સંમત થાય છે, એમ કહે છે.



'**સ્વભાવથી આત્મા સિદ્ધ સમાન છે. તત્ત્વજ્ઞાની, મહાત્મા જે પદ પ્રાપ્ત કરવાની રુચિ ધરાવે છે તે જ પદનું ધ્યાન કરે છે.**' ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને રુચિથી સાધે છે તો તે એનો રુચિવાળો થઈ જાય છે. ત્યારે '**તે સર્વ પરપદાર્થોથી વિરક્ત થઈ જાય છે.**' ભગવાનઆત્માની આનંદની પરમસંપદા સાધતાં જગતના બીજા પદાર્થ પ્રત્યે તેને ઉદાસ, વૈરાગ્ય થઈ જાય છે. '**પુણ્યોદયથી પ્રાપ્ત થતા...**' કદાચિત્ પુણ્યને કારણે '**નારાયણ,...**' વાસુદેવની પદવી '**બળભદ્ર, પ્રતિનારાયણ, ચક્રવર્તી, કામદેવ, ઈન્દ્ર, ધરણેન્દ્ર, અહમિન્દ્ર આદિ પદોને કર્મજનિત, નાશવંત, આત્મા શુદ્ધ સ્વરૂપથી ભિન્ન જાણીને તે બધાની મમતા છોડે છે...**' ભગવાન આત્મા પોતાનો પરમઆનંદ સ્વભાવ અનાદિઅનંત પડ્યો છે તેને સાધતા મોટી પદવીઓની મમતા પણ છોડી દે છે. આત્મપદ નિજાનંદનું પદ, એને સાધતાં વાસુદેવ, બળદેવ આદિ ઈન્દ્રપદને પણ એ ગણતો નથી. કહો, સમજાણું?

'**તેવી જ રીતે જે શુભ ભાવોથી લૌકિક ઉચ્ચ પદોની પ્રાપ્તિ યોગ્ય પુણ્યનો બંધ થાય છે...**' લૌકિકમાં શેઠાઈ મળે કે મોટા મોટા પદો મળે, પચાસ-પચાસ હજારના પગાર મળે, '**તેમને પણ ચાહતા નથી.**' દુનિયાની લૌકિક મોટી પદવી પણ એ ચાહતો નથી. લોકોત્તર ચૈતન્ય ભગવાનઆત્મા, એની રુચિવાળો એ પોતાના નિજપદની પૂર્ણતાના પદને ચાહે છે, બીજી ચાહના ધર્મીને હોતી નથી. આહાહા..!

'**ધર્માનુરાગ, પંચ પરમેષ્ઠીની ભક્તિ,...**' પાંચ પરમેષ્ઠીની ભક્તિ '**અનુકંપા, પરોપકાર, શાસ્ત્રપઠન આદિ શુભ ભાવોમાં વર્તે છે...**' એ શુભભાવમાં વર્તે છે, છતાં એનો આદર કરતો નથી. '**કેમકે શુદ્ધોપયોગમાં અધિક ઠરી શકતા નથી.**' શુદ્ધમાં ઠરી શકતો નથી એટલે એવા શુભભાવમાં આવે છે છતાં એના ફળને અને એના ભાવનો એ આદર કરતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**એક શુદ્ધોપયોગને ગ્રહણ કરવાનો ઉત્સુક થઈને ધર્મપ્રચારના વિચારોને પણ છોડે છે.**'

શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને અંતર્મુખમાં સાધનની ઉગ્રતા સાધતાં જે ધર્મપ્રચારનો વિચાર પણ રોકી દ્યે છે. ધર્મપ્રચારનો વિકલ્પ પણ આત્માને શું લાભ કરે છે? કહો, ભાઈ! શું કીધું? ધર્મપ્રચાર થાય એવો વિકલ્પ એનાથી આત્માને શું લાભ?

મુમુક્ષુ :- ધર્મપ્રચારનો વિકલ્પ કરે તો સુખી થાય.

ઉત્તર :- કોણ થાય? એ ધર્મ કરે તો એને થાય, એમાં આને શું? વિકલ્પ ઊઠે છે, એમ કહે છે. ધર્મપ્રચારનો પણ વિકલ્પ છે, એ વિકલ્પ પણ છોડવા જેવો છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? સમજાણું કાંઈ? એ.. ભાઈ! આ પૈસા વધારવાના વિકલ્પ તો છોડી દે પણ ધર્મપ્રચારનો વિકલ્પ છોડી દે, એમ કહે છે. ઠીક! આત્માને, નિત્ય પ્રભુ આત્મા, ધ્રુવ અનાદિઅનંત આત્મસ્વરૂપ, એના સાધનમાં જોડાવા ધર્મના પ્રચારનો વિકલ્પ પણ જેને હોય નહિ, કારણ કે એ વિકલ્પથી પુણ્ય બંધાય છે, આત્માને કાંઈ લાભ નથી. બીજો સમજે તો એનાથી એને લાભ છે, એનો લાભ અહીં થતો નથી. આહાહા..! બીજા ધર્મ થોડો પામે તો એનું કાંઈક વ્યાજ મળતું હશે કે નહિ, ધર્મ પમાડનારને? પર (જીવો) સમજે ઈ તો એને કારણે સમજે, એમાં એનો લાભ અહીં ક્યાંથી આવે? પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જેટલી દૃષ્ટિ ને એકાગ્રતા કરે એનો લાભ એને છે, બાકી કાંઈ છે નહિ. આહાહા..! કહો, આ તો કહે છે, ધર્મના પ્રચારનો વિકલ્પ પણ બંધનું કારણ છે. વીતરાગ સ્વરૂપ પરમાત્મા આત્મા છે, શુદ્ધ ચિદાનંદ મહારાજા આત્મા (છે). એના અંતર સાધનમાં એ વિકલ્પનું શું કામ છે? કહે છે. સમજાણું કાંઈ?

**'સાત તત્ત્વ છે, નવ પદાર્થ છે ઇત્યાદિ સર્વ વિકલ્પોને બંધ કરનાર જાણી છોડી દે છે.'** થોડો થોડો અર્થ લઈએ, (બીજું) તો લાંબુ ઘણું કર્યું છે. સમજાણું કાંઈ? **'આ રીતે જે જ્ઞાની અને વિરક્ત પુરુષ સંસારના સર્વ પ્રપંચોથી પૂર્ણ વિરક્ત થઈને આત્મધ્યાન કરે છે.'** દુનિયા દુનિયાના ઘરે રહી. કહો, સમજાણું કાંઈ? દુનિયા સમજે તો એને લાભ, ન સમજે તો એને નુકસાન. ઈ આત્મા સમજે તો અહીં થોડું-ઘણું મળે એમ છે નહિ. એમ હશે કે નહિ? 'રતિભાઈ'!

મુમુક્ષુ :— અત્યાર સુધી મળતું હતું.

ઉત્તર :— અત્યાર સુધી મળતું હતું, કહે છે. બીજામાંથી કાંઈ મળતું હશે કે નહિ? ધૂળેય મળે નહિ. કદાચ એવો વિકલ્પ હોય તો અંદર પુણ્ય બંધાય. પણ એ તો બંધાય છે ને? એમાં અબંધ પરિણામ ક્યાં આવ્યા? આહાહા..! સમજાણું કાંઈ?

**'પરમાનંદના અમૃતનું પાન કરે છે,...'** ધર્માત્મા એકલા આત્મામાં પરમઆનંદ સ્વરૂપને પીવે છે, અંતર સુધારસને પીવે છે એને અહીં ધન્ય કહેવામાં આવે છે. પ્રશંસનીય એ છે. સમજાણું કાંઈ? ધર્મપ્રચારનો વિકલ્પ છે માટે એ પ્રશંસનીય છે, ઓ..હો...! તમે બહુ સારું કર્યું. ના, એ પ્રશંસનીય છે જ નહિ. ભારે વાત ભાઈ વીતરાગમાર્ગની! એ.. ભાઈ! હેં? હવે તો બનાવી દીધું, કહે છે.

મુમુક્ષુ :— એક ધર્મશાળા બાકી છે.

ઉત્તર :— એ પણ થવા આવી છે. કોણ જાણે...? ન્યાં તો બધા ગૃહસ્થ માણસો છે. અહીં તો માનસ્તંભ કર્યો, સમવસરણ કર્યું, દેરાસર કર્યું, હૉલ કર્યો, હવે ધર્મશાળા (કરી). આવ્યા હતા ને અમારે અહીં? તમારે ત્યાં આવ્યા હતા. ખુશી થઈ ગયા. 'રાજકોટ'ના શેઠ છે. એણે એક લાખ કાઢ્યા છે, માનસ્તંભ માટે. ધૂળમાં લાખ કાઢે એમાં શું થઈ ગયું પણ? બે છોકરા માટે કેમ પચાસ લાખ-પચાસ લાખ (કાઢીને) બે ભાગ પાડી દ્યે છે? એ..

ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! અહીં તો કહે છે, આત્માના સ્વભાવમાં પણ જ્યાં સ્થિર ન રહી શકે અને ધર્મ પ્રચારનો વિકલ્પ આવે એ પણ બંધનું કારણ છે. આત્માને લાભદાયક નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ (છે). વિકલ્પરહિત નિર્વિકલ્પ ચૈતન્યનું સાધન એ પોતે સ્વતઃ કરી શકે છે, એમાં કોઈ બાહ્ય ભણતરની જરૂર નથી અને બહારનાને ભણાવવાની પણ જરૂર નથી અને બીજા પાસેથી ભણવાની પણ એમાં જરૂર નથી. એ.. ભાઈ! આહાહા..!

**'તે જ મહાવિવેકી પંડિત છે,...'** લ્યો! જે કોઈ આત્મા આનંદસ્વરૂપ આત્મા, સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ શાશ્વત આનંદ અતીન્દ્રિય છે, એને જે અંદરમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પપણે વેદે એને વિવેકી પંડિત, મોટા વિવેકી પંડિત (કહે) છે. સમજાય છે કાંઈ? **'તે જ પરમ ઐશ્વર્યવાન છે,...'** આહાહા..! લ્યો, ભાઈ! આ બધા પૈસાવાળા મોટા ઐશ્વર્યવાન, એમ નહિ. મોટી પચાસ-પચાસ હજાર, લાખ લાખ, બે-બે લાખની મોટી પદવી મળી હોય, બાર મહિને પાંચ લાખ પેદા કરે છે, દસ લાખ પેદા કરે છે. શું થયું ઈશ્વર...? એ તો...

મુમુક્ષુ :— એ પૈસાનો ઈશ્વર, આ આત્માનો ઈશ્વર.

ઉત્તર :— પૈસાનો ઈશ્વર કે દિ' હતો? મૂઢ છે. જડનો ઈશ્વર કોઈ હોય? અભિમાન કરે, ઈ અભિમાન કરે. અમે પૈસાવાળા છીએ, પૈસાવાળા છીએ, ધૂળવાળા છીએ.

આ તો ઈશ્વર એને કહીએ, ભગવાન આત્મા શાંતરસનો ભંડાર ભગવાન અંદર પડ્યો છે, શાંતિથી.. શાંતિથી.. શાંતિથી.. શાંતિનું વેદન કરે. આહાહા..! એક કોર ખૂણે બેઠો કોઈને ખબર પડે નહિ. એવું આત્માનું અંદર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું અંતર દૃષ્ટિ કરીને સાધન કરે, એ પરમ ઐશ્વર્યવાન છે. એ મોટો ઐશ્વર્યવાન છે, એ મોટો અધિક છે. આહાહા..! પુણ્ય મોટા ઝાઝા કરે ને પુણ્યના મોટા ફળ બહારમાં મળે એ મોટા-બોટા નથી. આહાહા..!

**'રત્નત્રયથી અપૂર્વ સંપત્તિના સ્વામી છે,...'** એક શબ્દ મૂક્યો છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ભાવનો ભંડાર, એની અંતરમાં અનુભવપૂર્વક પ્રતીતિ અને એમાં રમણતા (થવી) એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયનો એ ધણિ છે, એ રત્નત્રયનો એ ધણિ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યના માલિક અને ધૂળના માલિક ને બધા રખડવાના માલિક છે, એમ કહે છે.

મુમુક્ષુ :- હમણા તો સુખ લાગે છે.

ઉત્તર :- ક્યાં સુખ હતું? ધૂળમાં. બધી હોળી સળગે છે.

મુમુક્ષુ :- કોઈને નાની હોળી હોય...

ઉત્તર :- બીજાને મોટી હોય. મોટા પૈસાવાળાને મોટી હોય. હખ આવે નહિ. આ કરવું છે ને આ કરવું છે ને આ કરવું છે.. પાંચ લાખ અહીં નાખવા છે, દસ લાખ અહીં નાખવા, પચીસ લાખ અહીં નાખવા. પાંચ કરોડ, દસ કરોડ નાખવા ક્યાં? કહો! એક ફિલ્મમાં નાખવા, થોડા વળી એમાં નાખવા. થોડા વળી મકાન બનાવવામાં નાખવા, થોડા વળી ભીંત ચણાવવામાં નાખવા.

મુમુક્ષુ :- પૈસાવાળાએ કરવું શું પણ હવે?

ઉત્તર :- પૈસાવાળાએ મમતા છોડવી. પૈસાવાળો કે દિ' હતો? પૈસા એના બાપના છે? એના છે? એ તો ધૂળના છે. એ તો ચૈતન્યલક્ષ્મીવાળો આત્મા છે.

અંદર કેવળજ્ઞાન મહાભંડાર પડ્યો છે. એને અનુભવે તે ત્રણ રત્નનો સ્વામી છે. આ અપૂર્વ રત્ન, જોયું! રત્નત્રયની અપૂર્વ સંપદાનો ધણિ. **'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતામાં લવલીન છે,...'** પોતાના સ્વરૂપમાં શ્રદ્ધાસહિત, જ્ઞાનસહિત લીનતા (થવી) તે જ સાચી ઉત્કૃષ્ટ વાત છે. **'તે**

**જ ભાગ્યવાન છે,...**' તે જ ભાગ્યવાન છે '**તે જ ભગવાન છે,...**' આહાહા..! '**અતીન્દ્રિય જ્ઞાન અને સુખના સ્વામી છે,...**' એ અતીન્દ્રિય જ્ઞાન અને સુખનો સ્વામી છે. '**તેઓ શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ કરશે.**' એ અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામશે. કહો! એ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનું જે અંદર એકાગ્ર કરીને ધ્યાન કરે એને જ અહીં ધન્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

પછી 'આત્માનુશાસન'નો એક દાખલો આપ્યો છે. '**જે મહાત્માઓના આભૂષણ તેમના શરીર ઉપર ચોંટેલી રજ છે,...**' હવે મુનિની ઉત્કૃષ્ટ વાત લ્યે છે. મહાત્મા દિગંબર સંત આત્મધ્યાનમાં એટલા મસ્ત હોય છે કે જેને વસ્ત્રનો તાણો પણ હોતો નથી. આત્માના આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં મસ્ત (હોય) એને મુનિ કહીએ. જેને શરીરમાં ઘરેણું શું? ઘરેણું.. ઘરેણું. એ શરીરમાં લાગેલી રજ. શરીરમાં રજ લાગી એ એનું ઘરેણું. પૂર્ણાનંદનો નાથ જેમાં સ્વસંવેદનની ઉગ્રતામાં પડ્યા છે, એવા સંતોને રજ તે ઘરેણા છે, કહે છે. શરીરમાં મેલ ચડ્યો હોય ને રજ પડે એ એનું ઘરેણું.

'**જેમને બેસવાનું સ્થાન પાષાણની શિલા છે,...**' આ..હા...! બાદશાહી કરે છે. શિલા ઉપર બેસની અંદરમાં ધ્યાન (કરે છે).

મુમુક્ષુ :- આરામખુરશી જોઈએ ને!

ઉત્તર :- આરામખુરશો... મરી ગયા, આરામખુરશીમાં આમ પડ્યા ત્યાં દરબાર મરી ગયા. 'કૃષ્ણકુમાર'! એ.. મને અહીં કાંઈક થાય છે, અસુખ થાય છે, અસુખ થાય છે, એમ કીધું. રાણીને બોલાવો. રાણી જ્યાં આવ્યા ત્યાં તો આમ થઈ ગયું.. ખલાસ! ડૉક્ટર આવ્યા, શું થાય ધૂળમાં? આરામખુરશી. આરામખુરશીમાં આરામ લઈ લીધો, લ્યો! છેલ્લો. આત્માના ભાન વિના બધાં થોથાં છે.

આત્મજ્ઞાનની લક્ષ્મી જેણે પ્રાપ્ત કરી છે અને એમાં વિશેષ લીન છે એ તો કહે છે કે એને બેસવાનું સ્થાન શિલા (છે). '**જેમની પથારી કાંકરીવાળી ભૂમિ છે,...**' કાંકરીવાળી ભૂમિ એ એની શૈય્યા. આહાહા..! દિગંબર મુનિ વસ્ત્ર વિના જંગલમાં આત્માના ધ્યાનમાં પડ્યા હોય. કાંકરી.. કાંકરી હોય. આટલા આટલા કાંકરા (હોય). આમ ખૂંચતા હોય, હોં! એ શય્યા છે, કહે છે. એ અંદર આત્માના આનંદમાં પડ્યા છે. આહાહા..! કહો, સમજાણું? અહીં મખમલની શય્યામાં સૂતો હોય (પણ) દુઃખી છે. (મુનિ) આનંદમાં છે, કહે છે. આહાહા..!

'**જેમનું સુંદર ઘર વાઘની ગુફા છે,...**' જેમાં વાઘ વસતા હોય (એ) સુંદર ઘર. વાઘ નિકળી ગયો હોય તો બેસે. અંદરમાં લગની લાગી ગઈ છે. આનંદની.. આનંદની.. આનંદની.. આનંદની. ગિરિગુફા અનુભૂતિ. અનુભૂતિરૂપી ગિરિગુફામાં પ્રવેશ કર્યો છે. અંતર આનંદના કંદમાં અંદર પ્રવેશ કરવો એ જ એની લક્ષ્મી છે. કહો, સમજાણું?

'**જેમણે પોતાની અંદરથી સર્વ વિકલ્પ મટાડી દીધા છે અને જેમણે અજ્ઞાનની ગાંઠો તોડી નાખી છે,...**' અજ્ઞાનની ગાંઠ, ગ્રંથિભેદ તોડી નાખી છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદના ખજાના જેણે ખોલી દીધા છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદનો ખજાનો, સ્વભાવમાં એકત્વબુદ્ધિ કરતાં ખોલી નાખ્યો છે, અજ્ઞાનની ગાંઠ તોડી નાખી છે. રાગ અને આત્માના સ્વભાવની એકતા, એવું અજ્ઞાન તોડી નાખ્યું છે.

'**જેમની પાસે સમ્યગ્જ્ઞાનરૂપી ધન છે, જે મુક્તિના પ્રેમી છે, બીજી બધી ઈચ્છાઓથી દૂર છે, એવા યોગીઓ અમારું મન પવિત્ર કરો.**' લ્યો! મુનિ પોતે પણ 'આત્માનુશાસન'માં કહે છે, હોં!



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૫૩૦ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૪-૫-૧૯૮૪, પ્રવચન નં. ૩૧૦ (વિષય : ભેદજ્ઞાન)**

**(સ્વરૂપને) ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતનાગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના... ચેતના... ચેતના... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે, તે એનું સાધન છે. ૫૩૦.**

પ્રવચનસાર-૧૭૨ ગાથાનું પ્રવચન છે. ... માં આ ગાથાની ટીકામાં એક શબ્દના વીસ અર્થ ક્યા છે. કુંદકુંદાચાર્ય મહારાજે અલિંગગ્રહણ નામના એક શબ્દના ૨૦ બોલ કર્યા છે. એમાં ચેતનાગુણમય છે આત્મા એમ લીધું છે. નાસ્તિથી અને અસ્તિથી આત્માનું સ્વરૂપ બતાવતા આ ગાથામાં આત્માને ચેતનાગુણમય (કહ્યો છે). આ ગાથા કુંદકુંદાચાર્યદેવના ચારે શાસ્ત્રમાં છે અને ધવલ શાસ્ત્રમાં પણ છે. પાંચ જગ્યાએ છે. શબ્દશઃ, અક્ષરશઃ આ ગાથા છે.

અહીંયાં એક બહુ સરસ વાત કરી છે. '**(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે.**' આત્માને ચેતનાગુણમયપણું લીધું છે કેમકે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. શું કહ્યું છે? જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે એ અ બતાવતા પ્રગટ છે. આમ તો દરેક દ્રવ્યના સર્વ ગુણો પરિણમે છે. એટલે સર્વ ગુણોનો અંશ તો .. પણ ભૂતાર્થની .. જીવના પરિણમનના વિકારી ... દરેક પર્યાયમાં તો ગુણ એટલે સ્વભાવ કેવો છે એ સમજાય જાશે. ...

જ્યારે ચેતનાગુણ છે કે જે ચેતનાગુણની, જ્ઞાન અને દર્શન એવી બે ... પર્યાય છે. તેમાં જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. .. પ્રગટ છે. સમજાય તેવી રીતે પ્રગટ છે. અનુભવ ગોચર થાય તેવી રીતે પ્રગટ છે. એવું સમજાય.. પણ જ્ઞાન પોતાને જ્ઞાનપણે અનુભવમાં આવે, એવો અનુભવગોચર થાય એ પ્રકારે એ પ્રગટ છે.

એટલે ૨૪૬ કળશના અર્થમાં પંડિત જયચંદ્રજીએ ... કર્યો છે. જ્ઞાન પ્રગટ છે, સાકાર છે અને અનુભવગોચર છે. સાકાર છે એટલે એનું સ્વરૂપ સ્વરૂપાકૃતિ જ્ઞાનમાં સમજાય એવી છે, ભાસ્યમાન થાય એવી છે કે આવો સ્વભાવ છે અને તે વેદનથી અનુભવગોચર પણ થઈ શકે એમ છે. ... છે. '**(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમકે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે.**' જ્ઞાનની પર્યાયનો અંશ જેવો જ્ઞાનસ્વભાવ છે, તેવો જ પ્રગટ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને ને?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની નહિ, કોઈપણ ઓળખવા

ઈચ્છે, પોતાના સ્વરૂપની શોધ કરનારો કોઈ પણ જીવ સમજી શકે. કોણ ન સમજી શકે? કે જેને પોતાના શુદ્ધ સ્વરૂપની શોધ કરવી નથી તે ન સમજી શકે. પણ જેને પોતાનું સ્વરૂપ કેવું છે એવી અંતર જિજ્ઞાસા થઈ છે એને આ ચેતનાગુણમય ... જ્ઞાન અંશનો ચેતનાસ્વભાવ એને પ્રથમ ખ્યાલમાં આવે છે. વિકલ્પવાળી દશામાં પ્રથમ એને સમજાય છે, સમજાય છે એટલે સ્વભાવનો નિશ્ચય થાય છે અને નિશ્ચય થતાં નિશ્ચયબળથી આગળ વધીને અનુભવગોચર થાય ત્યાં સુધી તે પહોંચે છે.

મુમુક્ષુ :— છે અજ્ઞાની.

પૂજ્ય ભાઈશ્રી :— અજ્ઞાનીમાંથી જ્ઞાની અનંતા થયા. અજ્ઞાની છે એટલે નિત્ય અજ્ઞાની છે કોઈ જીવ એમ માનવા જતાં પણ પર્યાયને નિત્ય માનવી પડશે. કે જે સ્વભાવે તો અનિત્ય છે. પર્યાય પોતે જ સ્વભાવે કરીને અનિત્ય હોવા છતાં જો હું અજ્ઞાની છું એમ કાયમ અજ્ઞાની છું એમ જો માનવામાં આવે તો તો એણે પર્યાયને નિત્ય માની લીધી. એ તો પલટવાવાળી દશા છે. અજ્ઞાન પલટીને જ્ઞાન અનંતાનું થયું. તો પોતાનું ન થાય એ પ્રશ્ન રહેતો નથી. અથવા જેને અજ્ઞાનપણું છે વર્તમાન અવસ્થામાં આત્મજ્ઞાન નથી, તો એને એ અજ્ઞાનનું જ્ઞાન કેવી રીતે થયું છે? આ અજ્ઞાનપણું કેમ મટે એવા દૃષ્ટિકોણપૂર્વક એ અજ્ઞાન એને સમજાણું છે? કે આ અજ્ઞાન છે એટલે હવે જ્ઞાન આમાં ક્યાંથી થાય? આપણને તો અજ્ઞાન જ રહ્યું છે હવે જ્ઞાન થાય ક્યાંથી આમાં? આ તો અજ્ઞાન છે. આપણને તો હજી અજ્ઞાન છે, આપણને તો અજ્ઞાન છે. આત્મા તો જ્ઞાનીઓને સમજાય, અજ્ઞાનીઓને ક્યાંથી સમજાય? આપણે રહ્યા અજ્ઞાની. એમ અજ્ઞાનને એવી રીતે કાયમ કરીને માથે ઓઢી લીધું છે કે જેથી અજ્ઞાન ન મટે? કયા દૃષ્ટિકોણથી અજ્ઞાનને જાણ્યું છે? એ પણ વિચારવાયોગ્ય છે.

કહે છે, '**(આત્માને) ચેતનાગુણમય લીધું છે...**' લીધું છે એટલે કહ્યું છે, કહ્યું છે એટલે બીજી બધી વાતને ગૌણ કરીને ઉપસાવી છે કે આત્મા ચૈતન્યગુણમય છે, ચૈતન્યસ્વભાવમય છે. એના કારણમાં એમ કહીએ કે એને જ્ઞાનની પર્યાયનો અંશ ત્યાં પ્રગટ છે. અવિકારપણે પ્રગટ છે.

મુમુક્ષુ :- અવિકારપણે?

પૂજ્ય ભાઈશ્રી :- અવિકારપણે પ્રગટ છે.

જ્ઞાનની પ્રગટ પર્યાયનો અંશ જેવો જ્ઞાનસ્વભાવ છે તેવો પ્રગટ વ્યક્તપણે સ્વાનુભવગોચર થાય એ રીતે, સમજાય તે રીતે પ્રગટ છે. એટલે એને એ સંબંધી એને કોઈ અનુમાન કરવું પડે કે દ્રવ્યસ્વભાવ આવો હશે... આવો હશે... આવો હશે.. એ વાત પણ એને રહેતી નથી. માત્ર કલ્પના અને અનુમાનનો એ વિષય ન કરવો પડે અને પ્રત્યક્ષ અંશ ઉપરથી આખો અંશી દ્રવ્યસ્વભાવ આવો છે એમ બરાબર સમજાય અને નિર્ણય થાય, કલ્પિત નિર્ણય ન થાય એ વાત અહીંયાં છે.

આપણે નિર્ભ્રાંત દર્શનમાં એ વાત ખેંચી છે કે કલ્પિત નિર્ણય થાય છે. શાસ્ત્ર વાંચ્યા પછી પણ કલ્પિત નિર્ણય થાય છે ત્યાં તે નિર્ણય જ્ઞાનસ્વભાવના અંશથી કરેલો નથી. અપ્રગટ અંશીનો નિર્ણય થઈ જવો જોઈએ. તેમ થવાને બદલે માત્ર કલ્પના અને અનુમાનને જોડી દીધા, એવો નિર્ણય કર્યો, એ નિર્ણય, નિર્ણયના બળને ઉત્પન્ન કરનારો નહિ હોવાથી, પુરુષાર્થના અભાવપણે પરિણમન એવું ને એવું રહે છે. પુરુષાર્થનો સદ્‌ભાવ નિર્ણય થયા પછી જે ઉત્પન્ન થઈ જવો જોઈએ ત્યાં ઉત્પન્ન થતો નથી. એટલે સહજ પુરુષાર્થની ઉત્પત્તિ ચૈતન્યવીર્યની સ્ફુરણાના લક્ષણવાળી હોય છે. એ વાત ત્યાં લીધી છે કે ચૈતન્યવીર્યની સ્ફુરણાના લક્ષણવાળો એ નિર્ણય હોય છે. જો પુરુષાર્થની ઉત્પત્તિ ન હોય તો ત્યાં નિર્ણય હજી યથાર્થ થયો નથી અથવા કલ્પિત થયેલો છે એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- આમાં શુદ્ધ અંશનો દાખલો આપણે આ સ્ફટિકનો લઈ શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્ફટિકનો લઈ શકાય, અરીસાનો પણ લઈ શકાય. અરીસાનો વધારે સ્પષ્ટ બેસે છે. કેમકે સ્ફટિકની અંદર તો આરપારપણું વધારે છે. જ્યારે આમાં સીધું પ્રતિબિંબ પડે છે જ્ઞાનમાં જેમ પ્રતિબિંબ પડે છે એમ અરીસામાં.

મુમુક્ષુ :- એ વખતે શુદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે પણ એની જે મૂળ અવસ્થા છે, પ્રતિબિંબ વિનાની જે અવસ્થા છે એ જો ન હોય તો પ્રતિબિંબ પડે કેવી રીતે? તો તો સ્લેટમાં પણ પ્રતિબિંબ પડવું જોઈએ. ચાર લાકડાના ફ્રેમથી, ચાર કટકાથી મઢેલા સ્લેટનો પણ કટકો છે અને અરીસાનો પણ કટકો છે. અરીસામાં પ્રતિબિંબ પડે છે કારણ કે એ અરીસાની સપાટી એવી છે કે જેમાં બિંબનું પ્રતિબિંબ થવાયોગ્ય છે. એ સ્લેટમાં એ પરિસ્થિતિ નથી કે સામે કોઈ પદાર્થ આવે અને એનું પ્રતિબિંબ ઉઠે એમાં. તો એ મૂળ અવસ્થા છે ત્યારે પ્રતિબિંબ છે. એકલા પ્રતિબિંબને જોનાર મૂળ અવસ્થાને જોતો નથી. મૂળ અવસ્થાને જોનાર પ્રતિબિંબને ગૌણ કરે છે. જણાય છે તોપણ ગૌણ કરે છે.

મુમુક્ષુ :- મૂળ અવસ્થા કઈ રીતે જોવી?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ અવસ્થા જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે સામાન્યજ્ઞાન છે એ સામાન્ય છે એ એનું મૂળ સ્વરૂપ છે. વિશેષનો તિરોભાવ કરીને, વિશેષ જ્ઞેયાકારોનો વ્યવછેદ કરીને જ્ઞાનમાત્રપણાનો આવિર્ભાવ કરતાં અથવા જ્ઞાનમાત્રપણે હું છું એમ પોતાની જાતને—પોતાના અસ્તિત્વને ગ્રહણ કરીને ભાવાન્વિત થતાં એ જણાય છે કે હું આવો સ્વભાવી છું. એમાં માત્ર પર્યાયનું પણ અવધારણ રહેતું નથી. આવો સ્વભાવ છે એમ ત્યાં જણાય છે. ભલે પ્રગટ અંશ ઉપરથી જાણવું થાય છે, અનિત્ય અંશ ઉપરથી જાણવું થાય છે તોપણ તે અનિત્ય અંશ નિત્યને બતાવે છે.

સોગાનીજી ચર્ચામાં કહેતા. આમાં નથી લેવાણું. એક વાત કરી હતી કે આ જ્ઞાનની એક સમયની પર્યાય ધ્રુવને બતાવીને ચાલી જાય છે. મારી જ્ઞાનની પર્યાય એક સમયની આવે છે ને જાય છે એ આવતા સાથે ચાલી જાય છે એક સમયમાં પણ ધ્રુવને બતાવતી ચાલી જાય છે. એમ કહ્યું. એ ધ્રુવને પ્રદર્શિત કરે છે. સ્વભાવને પ્રદર્શિત કરનાર જ્ઞાનનો પર્યાય છે. સારી રીતે દેખાડનાર છે, વિશેષપણે એ દેખાડનાર છે.

**'તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું.'** જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે તેથી, તે કારણથી. બેયમાં કારણ-કારણ લીધું. **'ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે...'** આનંદ ક્યારે પ્રગટે? કે આવા સ્વભાવનો આશ્રય થાય કે હું આવો છું, એમ જો આશ્રય પ્રગટે, આશ્રય થાય તો આનંદ આવે અને આનંદ પ્રગટે, નહિતર આનંદગુણની અવસ્થા દુઃખરૂપે પ્રગટેલી છે, એમાંથી એને સ્વભાવનો પત્તો લાગતો નથી. આમ કહેવું છે. કેમકે જ્ઞાન જેમ આત્માનો—જીવનો વિશિષ્ટ ગુણ છે કે જે પાંચેય દ્રવ્યમાં નથી, એમ આનંદ પણ આત્માનો વિશિષ્ટ ગુણ છે કે જે બાકીના પાંચ દ્રવ્યમાં નથી. છતાં જ્ઞાનથી આત્મા ઓળખાય છે. આનંદથી કેમ નહિ? કે આનંદનો અંશ પ્રગટ નથી માટે નહિ. આનંદ પ્રગટ હોય તો એના ઉપરથી સ્વભાવ સમજાય ને. આનંદના બદલે તો દુઃખ પ્રગટ છે. એ તો વિકાર છે અને ઓળખવો છે સ્વભાવને. વિકારથી ભિન્ન, વિકારથી વિરુદ્ધ જાતિના સ્વભાવને ઓળખવો છે.

મુમુક્ષુ :- ચેતનાગુણમય ત્રિકાળ લીધું એટલે સદૃશ્યતાની અપેક્ષાએ લીધું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સદૃશ્યતાની અપેક્ષાએ લીધું. ગુણ એટલે સ્વભાવ ત્રિકાળ પ્રગટ છે એમ કહેવું છે. ત્રણે કાળે પ્રગટ છે. નિગોદથી માંડીને સિદ્ધ પર્યંતની તમામ અવસ્થાઓમાં જ્ઞાનગુણનું પરિણમન છે એ અવિકારપણે ચાલુ ને ચાલુ રહે છે. કેટલુંક પરિણમન વિભાવિક થાય છે. જ્યારે પરસન્મુખ થાય છે, પરજ્ઞેય જણાતા પરસન્મુખ થાય છે, પરજ્ઞેય જણાતા પરમાં તન્મયતા ધારણ કરે છે ત્યારે એને એ જ્ઞાનનો વિભાવ છે તોપણ સ્વભાવ રાખીને વિભાવ છે. સામાન્ય અંશનો નાશ થઈને નથી. ત્યાં સામાન્ય આચ્છાદિત થાય છે. સ્વભાવ અંશ ઢંકાયેલો હોવાથી એને સમજમાં આવતો નથી. તિરોભૂત થઈ જાય છે ત્યાં. સદૃશ્યપણું છે અથવા સામાન્યજ્ઞાન છે એ પ્રતિબિંબને માત્ર પ્રતિબિંબને જોનારને ઢંકાયેલું રહે છે, પણ છે ખરું. નથી એવું નથી. છે એને ઢંકાયેલું છે એમ કહ્યું છે. નથી એને ઢંકાયેલું કહેવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- સામાન્ય ધ્રુવ એક લીધો આપણે અને

સામાન્ય ધ્રુવ અંશ એક લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- બેય સદશ્ય છે. જેવો ધ્રુવ છે એવો જ હોવાથી આને પણ સામાન્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કાયમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કાયમ છે. સર્વ જીવોને કાયમ છે. તિર્યંચ નહિતર ક્યાંથી પામે? તિર્યંચને તો વિચારશક્તિ કુંઠિત થઈ ગઈ છે. મનવાળા તિર્યંચને પણ વિચારશક્તિ બહુ કુંઠિત થઈ ગઈ છે. છતાં પણ એટલી કુંઠિત થયેલી અવસ્થામાં પણ પોતાના પ્રયોજનનું એટલે સુખ-દુઃખનું પ્રયોજનભૂત રીતે જ્ઞાન થતું હોવાથી એ પોતાના જ્ઞાનસ્વભાવ ઉપરથી સુખસ્વભાવને પણ પકડી લે છે, આનંદ સ્વભાવને પણ એ પકડી લે છે. કેમકે એનું રૂપ છે પાછું. જ્ઞાનનું રૂપ આનંદ છે. જ્ઞાન સદાય આનંદરૂપે છે. એટલે એક ગુણને અનંત ગુણનું રૂપ હોવાથી એક જ્ઞાનાંશ ઉપરથી અનંત ગુણના રૂપ એવા આત્મદ્રવ્યને પણ ત્યાંથી ઓળખવામાં આવે છે. શું કહ્યું?

મુમુક્ષુ :- શુદ્ધ અંશ ઉપરથી જાવું આત્મામાં?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ અંશ ઉપરથી આત્માને ઓળખવો અથવા ગ્રહણ કરવો. ગ્રહણ કરવાનું પણ એ સાધન છે. ઓળખવાનું જે સાધન છે તે જ ગ્રહણ કરવાનું સાધન છે. અને આ સિવાય બીજું કોઈ સાધન છે નહિ. એટલે જ સમયસારમાં, આખા સમયસારમાં દષ્ટિપ્રધાન ગ્રંથ હોવા છતાં જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર આત્માને કહેવામાં આવ્યો છે. પ્રવચનસાર શાસ્ત્ર તો જ્ઞાનપ્રધાન જ છે વળી. પ્રવચનસાર શાસ્ત્ર તો જ્ઞાનપ્રધાન છે પણ સમયસાર શાસ્ત્ર દર્શનપ્રધાન, શ્રદ્ધાપ્રધાન હોવા છતાં ત્યાં આત્માનો નિર્દેષ તો જ્ઞાનમાત્રપણે જ કરવામાં આવ્યો છે એનું આ કારણ છે.

જોયું! '**આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે...**' અત્યારે આનંદ કોઈને નથી, આત્માનો આનંદ કોઈને નથી. કોઈ એમ કહે કે અમને બહારમાં બધી અનુકૂળતાઓ થઈ જાય, ઈચ્છા અનુસાર બધા પદાર્થો મળી જાય ત્યારે અમને આનંદ બહુ થાય છે. એવા સારા પ્રસંગોમાં આનંદનો અમને પાર ન રહે એટલો આનંદ થાય છે. કહે છે કે એ આનંદ નથી પણ ભગવાને તો એને દુઃખ કહ્યું છે. એ માને છે આનંદ, અનુભવે છે આનંદ જાણીને, આનંદ કરીને એને અનુભવે છે, પણ છે એનું એ દુઃખ. જો એનું એ સુખ હોય તો એની અંદર એને થાક લાગીને ત્યાંથી હટવાનું મન થાય નહિ. અને એને એ દુઃખ છે.

મુમુક્ષુ :- તર્કથી આ વાત બેસે છે કે તૃપ્તિ નથી થતી એટલે દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો તર્ક ત્યાં સુધી છે કે એને તપાસવાનું થોડુંક વધારે નહિ થાય ત્યાં સુધી. પછી તપાસે એના ભાવને અને જ્ઞાનની સાથે મિંઢવે, જ્ઞાનની સાથે મિંઢવે તો જ્ઞાનમાં કષાયનો અભાવ છે. જ્યારે આવા કહેવાતી ખુશી, આનંદમાં કષાયનો સદ્ભાવ છે, આકુળતાનો સદ્ભાવ છે. એ વાત એને પોતાના અનુભવને જરા બારીકાઈથી તપાસે તો સમજાય છે. સૂક્ષ્મ અવલોકન કરે તો સમજાય છે કે આ તર્ક છે એ અનુભવમાં આવે છે. તર્ક સમજાય છે અને અનુભવગોચર તર્ક થાય છે. માટે આ વાત બરાબર છે. પોતાના અનુભવથી સમજી શકે એવી વાત છે. કેમકે દુઃખ અને સુખ અનુભવનો વિષય છે.

જો એમ કહ્યું કે તારો આનંદ પણ દુઃખ છે અને આનંદ નથી, સુખ નથી, તો સુખ અને દુઃખ તો અનુભવનો વિષય છે. તો પછી એના જ્ઞાનમાં કેમ છેતરામણ થઈ? એ વાત એણે તપાસવી જોઈએ. બહુભાગ તો જીવોનું વર્તમાન પરિણમન પૂર્વગ્રહ પૂર્વકનું હોય છે. પહેલા એણે જે નક્કી કરી રાખ્યું હોય કે આ સુખના સાધન ગણવા, આ દુઃખના સાધન ગણવા, પછી એ દુઃખરૂપ સાબિત થાય તોપણ સ્વીકારે નહિ. પૂર્વગ્રહ ચીજ એવી ખરાબ છે.

તર્ક આપ્યો તમને કે તમે એમાં થાકો છો. તમારા ઈષ્ટ અને ખુશીના આનંદના વિષયમાં તમે થાકો છો. તો થાકો છો ત્યારે તો તપાસો. તર્કને ભલે તમે તર્ક ગણીને એકકોર મૂકી દ્યો, કિંમત ઓછી કરો પણ થાકો છો એ તો અનુભવમાં આવે છે કે નહિ? ત્યારે એ તર્કની સિદ્ધિ થઈ અનુભવથી કે નહિ? કે એક કેવળ તર્ક રહ્યો તે? વિચાર વખતે ભલે તે કેવળ તર્ક હોય, પણ અનુભવ

વખતે કેવળ તર્ક ક્યાં રહ્યો? અનુભવ વખતે તો એ તર્કની સિદ્ધિ થઈ છે, તો ત્યારે પણ તમે અવગણી જાઓ છો કે ના ના આ આનંદ છે, દુઃખ નથી કે સુખ છે એનો વિચાર નથી કરતા, એ તર્કને સ્પષ્ટ નથી કરતા એનું કારણ શું? વિચારો. એનું કારણ એ છે કે પૂર્વગ્રહથી એ સુખનું કારણ છે એમ ગ્રહણ થઈ ગયું છે. પૂર્વે ગ્રહ્યું છે એ રીતે કે આ સુખનું સાધન છે, આ સુખનું નિમિત્ત છે, આ સુખનું કારણ છે, મારું સુખ અહીંયાં છે. તો એને દુઃખનો અનુભવ થવા છતાં, તર્ક સિદ્ધ થતો હોવા છતાં એનું એ ઉલ્લંઘન કરે છે અનુભવનું. કે નથી કરતો? છે કે નહિ આ? પૂર્વગ્રહ આવી ખરાબ ચીજ છે કે એના વર્તમાન સ્પષ્ટ અનુભવને પણ એ ગણકારે નહિ. બીજાને ગણકારવાનો પ્રશ્ન નથી. ભગવાનના કે ગુરુના કે શાસ્ત્રના ઉપદેશને તો પછી ગણકારવાનો પ્રશ્ન રહેતો નથી.

કોઈ એમ કહે કે અમે ઉપદેશ આવો સાંભળીએ છીએ, છતાં અમારે જે પરિણામ જોઈએ એ પરિણામ આવતું નથી એનું કારણ શું? કે તું ગણકારતો નથી તે. તારો પૂર્વગ્રહ છોડતો નથી તે. સીધી વાત છે. એ ઉપદેશનું ઉલ્લંઘન કરે છો, એની તને ખબર નથી અને પાછો ઈચ્છા એમ કરે છો કે મને ઉપદેશ અનુસાર કેમ પરિણામ આવતું નથી? ઘણા વખતથી સાંભળું છું. પણ જેટલા વખતથી તું સાંભળે છો એટલા જ વખતથી તું ઉલ્લંઘન સાથો સાથ કરે છો. એટલે એનો અર્થ એ છે તું સાભળે છે પણ સાંભળતો નથી. કાનસોંસરુ કાઢે છો. એ વાત સિદ્ધ થાય છે.

એટલે આત્માર્થી જીવ પ્રથમ જ વિચાર જ્ઞાનની મધ્યસ્થતાનો વિચાર કરે છે. આત્માર્થી જીવના વિચાર અને મંથનનું આ મુખ્ય પાસું છે, મુખ્ય પડખું છે આ કે બધી વાતનો વિચાર મધ્યસ્થતાથી કરે છે. એટલે હદ સુધી કે જે પ્રગટપણે વિરોધ કરનાર હોય એની વાતમાં પણ વજુદ કેટલું છે, એની વાતમાં સત્યતા કેટલી છે એ વાત નિષ્પક્ષપણે વિચારવા તૈયાર હોય છે. એનું જ્ઞાન એ રીતે વિચારતું જ હોય છે.

ગુરુદેવના વખતમાં પહેલા વિરોધી છાપાઓ ઘણા આવતા. હજી પણ જે લખે છે એ તો લખે જ છે. ત્યારે એ પોતે વાંચતા. વાંચીને એમાંથી ચર્ચા કરતાં કોઈવાર કે એની વાત શા માટે અસત્ય છે? એની પાછળ એનો પૂર્વગ્રહ શું છે? એને શું એવું સમજાયું, ગ્રહણ કર્યું છે, પકડ્યું છે કે જેને લઈને એ આમ કહે છે? એ પકડ્યું છે એ સાચું છે કે ખોટું છે? યથાર્થ છે કે અયથાર્થ છે? કોઈપણ જાતના એક નિમિત્તમાત્ર દૃષ્ટાંત બનાવીને એને ચર્ચે. એ વિરોધી છે એમ એને ન ચર્ચે. એને દૃષ્ટાંત બનાવીને ચર્ચે કે જુઓ, આવી ભૂલ અજ્ઞાનમાં થાય છે. એવી રીતે ચર્ચા કરતા. નામ-ઠામને ગૌણ કરી નાખે. મુદ્દો લે. એમ એક મધ્યસ્થ થઈને કોઈપણ વિષયને કોઈપણ બાબતને તપાસવાનો પહેલેથી જ્ઞાની થયા પહેલેથી એ પ્રેક્ટિસ શરૂ કરેલી હોય છે. જ્ઞાની તો પછી થાય છે.

સમ્યગ્જ્ઞાનનો તો મધ્યસ્થ રહેવાનો સ્વભાવ છે, પણ આત્માર્થી હોય અને જ્ઞાની થાય એ પહેલા પણ એ પ્રકારે એને વાતને મધ્યસ્થ થઈને તપાસવાની એક પ્રક્રિયા, એ પ્રકારનું વલણ, જ્ઞાનનું એ પ્રકારનું વલણ ઊભું થઈ જાય છે. ત્યારે એને આત્માર્થીપણું છે એમ કહેવામાં આવે છે.

**'આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે...'** એટલે જ્ઞાની થાય **'ત્યારે પ્રગટે પણ...'** અહીંયાં જ્ઞાની થાય ત્યારની વાત નથી લીધી. ત્રિકાળ લીધો છે. ત્રિકાળ તો કોઈ જ્ઞાની નથી. સર્વ જીવોને વ્યક્તિગતરૂપે તો જ્ઞાનીપણું સાદિ—શરૂઆત થાય, સ-આદિ, આદિ થાય એવું હોય છે. કોઈ અનાદિથી જ્ઞાની હોય, કોઈ અનાદિથી અરિહંત હોય, કોઈ અનાદિથી સિદ્ધ હોય એક વ્યક્તિ તરીકે એવું કદી હોતું નથી. પ્રત્યેક જીવ સિદ્ધ થયા પહેલા પૂર્વ અવસ્થામાં સંસારી હોય છે અને એ સંસારી અવસ્થામાં પણ પૂર્વ અવસ્થામાં અનાદિથી અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ સંસારી હોય છે. કોણ? તમામ ભગવંતોની વાત ચાલે છે. સિદ્ધાલયમાં જે અનંતા સિદ્ધ ભગવંતો બિરાજમાન છે એ બધાનો આ ઈતિહાસ છે. જોકે સારો નથી. જીવનો ભૂતકાળનો ઈતિહાસ સારો નથી. છતાં પણ અનાદિથી જેમ સોનું ખાણમાં અશુદ્ધ થઈને માટીના સંયોગમાં છે, એમ જીવની અવસ્થામાં અશુદ્ધપણું અનાદિથી છે. અકારણપણે છે.

મુમુક્ષુ :- આ એની રીત છે શુદ્ધ થવાની.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંથી એ સ્વભાવ પકડી શકે છે. શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરીને શુદ્ધ અવસ્થારૂપ પરિણમન થવાની અહીંયાં એક જગ્યા છે. એ અહીંયાં બતાવવામાં આવે છે કે આ જગ્યા છે, અહીંથી ઉપડજે તું. જ્ઞાનથી ઉપડજે એમ કહેવું છે. બીજી કોઈ આમાં જગ્યા છે નહિ.

'**પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ...**' છે કે નહિ ચોખ્ખું? '**ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતનાગુણમય આખો ભગવાન આત્મા છે.**' નાના બાળકને સો રૂપિયાની નોટ, એનો રંગ અને એના આંકડા એના ચક્ષુ ઈન્દ્રિયમાં જેવું પ્રતિબિંબ પામે એવું જ મોટા માણસને પામે. કે બીજી રીતે દેખાય એને? એને વાદળી રંગની આકાશ ભૂરા રંગની નોટ છે એને કાંઈ પીળા રંગની કે લાલ રંગની દેખાતી નથી. એકડો અને બે મીંડા છે ત્યાં કાંઈ એકલા મીંડા દેખાતા નથી. છતાં બે વચ્ચે ફેર શું છે? કે એકને કિંમત આવે છે અને એકને કિંમત આવતી નથી. જાણવું સરખું છે પણ કિંમત આવતી નથી. પોતાનું પ્રયોજન ભાસતું નથી. જાણવું તો સરખું છે. કેમકે ઉઘાડ તો સરખો છે. ઉઘાડ અર્થાત્ વિકાસ તો સરખો છે. જાણવાનો વિકાસ તો બંનેને સરખો છે, પણ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. એકને થાય અને બીજાને ન થાય.

અહીંયાં છે. એ વિષય આગળ લીધો છે. પ્રયોજનના સંબંધમાં ૯૩૩, ૩૪, ૩૫. ૯૩૩થી ૯૩૫, ત્રણેય સારા છે. '**સિદ્ધ સમાન આત્માનો અંશે અનુભવ થવો તે ધર્મ છે. આનંદકંદ પ્રભુની નિર્વિકારી શાંતિને ધર્મ કહ્યો છે. દ્રવ્યલિંગી સાધુ થયો છતાં તેને ધર્મ પ્રગટતો નથી કેમકે તેનું લક્ષ અપ્રયોજનભૂત ઉપર જાય છે.**' એને પ્રયોજનભૂત જે સ્વભાવ છે એના ઉપર એનું લક્ષ નથી. કેમ જાય છે? '**મિથ્યા શ્રદ્ધાને લીધે...**' એનું લક્ષ અપ્રયોજનભૂત ઉપર જાય છે અને પ્રયોજનભૂત ઉપર એનું લક્ષ જતું નથી.

'**મારો દ્રવ્યસ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં દ્રવ્યના અવલંબને સમ્યક્ પર્યાય પ્રગટે છે. તેવી પ્રયોજનભૂત વાતને મિથ્યાદૃષ્ટિ પકડતો નથી.**' આ અવલંબનનો વિષય છે અને આનું અવલંબન લેવાની વાત છે એ પોઈન્ટને મિથ્યાદૃષ્ટિ પકડતો નથી. પોતાનું પ્રયોજન અહીંયાં સધાશે એ વાતને એ પકડતો નથી.

'**મિથ્યાદૃષ્ટિને પ્રયોજનભૂત ને અપ્રયોજનભૂત પદાર્થો બન્નેને જાણવાનો ઉઘાડ છે.**' શાસ્ત્ર વાંચે, સમજે અને સમજાવી શકે એવી રીતે ઉઘાડ કામ કરે. '**પણ પ્રયોજનભૂત તત્ત્વને જાણવામાં તેનું લક્ષ જશે નહિ.**' એનું લક્ષ નથી ચોંટતું. જે વાત ઉપર લક્ષ રહી જવું જોઈએ કે જે પ્રયોજનભૂતનું લક્ષ રહેતા બીજે બધે ઉપયોગ જવા છતાં ક્યાંય એને ગૌણ થઈ જાય, લક્ષ ન રહે અને ગૌણ થઈ જાય. જેમ ટ્રાફિકમાં આખો ટ્રાફિક જણાય છતાં લક્ષ ન રહે. '**તે દર્શનમોહના કારણે છે.**' એને પ્રયોજનભૂત તત્ત્વને જાણવામાં લક્ષ જતું નથી એનું કારણ દર્શનમોહ છે. '**ઉઘાડ તો ઉઘાડ છે.**' ચોખ્ખો. '**પણ ઊંધી શ્રદ્ધાના કારણે તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.**' (૩૨:૪૫ સુધી).

પ્રવચનનો શેષ આવતા અંકમાં...

## પ્રકાશન કાર્ય ગતિવિધિ

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મજયંતિ પ્રસંગે આત્માવલોકન ગ્રંથ ઉપરના પ્રવચનોના બે ભાગ, તથા ચિદ્‌વિલાસ ઉપરના પ્રવચનોનો એક ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. તત્‌પશ્ચાત્ રાજ હૃદય ભાગ—૩ અને ૪ (હિન્દી), પૂજ્ય ભાઈશ્રીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે. સંભવતઃ પરમાગમસાર ઉપરના પ્રવચનોના પણ બે ભાગ સમયનાકુળ પ્રકાશિત થવાની શક્યતા છે.



## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૩૮)

**કલકત્તા**
**૧૩-૪-૬૪**

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**
**ધર્મસ્નેહી.... શુદ્ધાત્મસત્કાર.**

હું એક સપ્તાહથી મુંબઈ આવ્યો છું.

સૌરાષ્ટ્રમાં મારું હાલમાં જવાનું નહિ બની શકે. હાલમાં તો કલકત્તા જ રહેવાનું થાય એમ જણાય છે. આપને કોઈ કાર્યવશ એ તરફ આવવાનું થાય તો હું આશા રાખું છું કે, હું અવશ્ય આપને મળી શકીશ. આપના આવવાની સૂચના આપ કલકત્તા આપશો. જો મારે અજમેર, દિલ્હી તરફ આવવાનું થશે તો હું અવશ્ય આપને મળીશ.

બાહ્ય નિમિત્ત અને નિમિત્ત આશ્રિત નિજ ભાવથી કોઈ પણ લાભ થતો નથી. આ સિદ્ધાંત લક્ષ્યમાં રાખીને નિજ ત્રિકાળી પોતાના સ્થિર સ્વભાવમાં જ પરિણતિ સ્થિર થતી જાય એવી અનુભૂતિ પ્રાપ્ત થાય એ શ્રેયસ્કર છે. અત્યારે કામ હોવાથી પત્ર લખવો જલદી બંધ કરવો પડે છે.

આપના વાત્સલ્યયુક્ત અનુરાગથી ભરેલો પત્ર જોઈને કંઈક ધાર્મિક વિષય પર લખત, પરંતુ આજે જવાની ઉતાવળ છે તેથી ફરીને કોઈ વખતે લખવાનું બની શકશે.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર**

(૩૯)

**કલકત્તા**
**૨૦-૪-૬૩**

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**
**આત્માર્થી.... શુદ્ધાત્મસત્કાર.**

તા. ૧૭-૪નો આપનો પત્ર મળ્યો. અલૌકિક પૂજ્ય 'ગુરુદેવ'નાં દર્શન માટે આપ જોરાવરનગર, દહેગામ આદિ સ્થળે જઈ રહ્યા છો એ જાણીને ચિત્ત પ્રસન્ન થયું. દહેગામના શ્રી ભીખાભાઈ મને મળ્યા હતા. ત્યાં આવવા માટે તેમનો આગ્રહ પણ હતો. પુણ્યયોગથી જ 'શ્રી ગુરુદેવ'ના સાન્નિધ્યમાં રહેવાનું થાય છે.

'નિઃશંક નિર્ણયને માટે કેવા પ્રકારનું રટણ, પુરુષાર્થ આદિ હોવાં જોઈએ' લખ્યું, તો લખવાનું કે સ્વ-અસ્તિત્વની યથાર્થ સમજમાં બધી વાતોનો સમાવેશ થઈ જાય છે. પ્રમાણ જ્ઞાનનો વિષય નિત્ય અને અનિત્ય અથવા ત્રિકાળી

ધ્રુવ અને ક્ષણિક એવી પરિણામી વસ્તુ એકી સાથે હું છું. એ બંને પ્રકારનો અનુભવ એક જ સમયે થતાં નિઃશંકતા આવી જાય છે. સંસારી (અજ્ઞાની) જીવને કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ માત્ર પરિણામના વેદનની પ્રસિદ્ધિ છે, એ જ સમયે ત્રિકાલીરૂપ સ્વ-અસ્તિત્વની નહિ.

પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધા હઠાવીને ત્રિકાલી જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોના દેહાકાર (દેહપ્રમાણ) અસંખ્યાત પ્રદેશી નિજપણામાં શ્રદ્ધાની પર્યાયને એકાકારરૂપે વ્યાપ્ત કરતાં જ નિત્યપણાનો-નિજ અસ્તિત્વપણાનો અનુભવ પ્રત્યેક સમયે થાય છે.

અપરિણામી, નિત્ય, ત્રિકાલી, ધ્રુવ બિંબ હું છું; ક્ષણિક પરિણામ નહિ એ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધા એક જ સમયે પૂર્ણ ત્રિકાલીને પકડીને અભેદ થઈ જાય છે. અહીં (ત્રિકાલી દ્રવ્યમાં) અસ્તિત્વની સ્થાપના થતાં જ હું પરિણામની સાથે પરિણમતો નથી. પરિણામનો કર્તા પરિણામ જ છે, હું તો અપરિણામી વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, વર્તમાનથી જ મારે કંઈ કરવુંકરાવવું નથી. રટણ, પુરુષાર્થ, જ્ઞાન આદિ બધાં પરિણામો છે. એનાથી મને લાભ-હાનિ નથી. મારી (ત્રિકાલી દ્રવ્યની) અપેક્ષાએ આ સ્વયં થતાં રહે છે. હું અવિચલ છું, આ પરિણામોથી વિચલિત થતો નથી. આનાથી જુદો અને અધિક છું. તે (પર્યાય) અપેક્ષાએ મારી અંદર થાય છે, પરંતુ હું તેની સાથે એકમેક થતો નથી. દર્પણનું ત્રિકાલી દળ એક સમયના દર્પણાકાર પર્યાયથી ભિન્ન જ રહે છે. બંને કાર્યો એક સમયમાં છે. જો દળ એક સમયના આકાર-પર્યાયમાં આવી જાય તો ત્રિકાલીપણાનો નાશ થઈ જાય. આથી ત્રિકાલી ધ્રુવ નિત્ય વસ્તુમાં પોતાના અસ્તિત્વપણામાં શ્રદ્ધાની વ્યાપકતા કરતાં જ બધાં કાર્યો સહજ સ્વભાવરૂપ અનુભૂત થવા લાગે છે. વર્તમાનથી જ મારે કંઈ કરવાનું નથી. એવી હુંપણાની યથાર્થ અભેદ પ્રતીતિ થતાં જ ચારિત્ર, પુરુષાર્થ આદિનાં બધાં પરિણામો સહજ જ 'હું ત્રિકાલી'નું અનુસરણ કરવા લાગે છે અને શુદ્ધ થવા લાગે છે. પરિણામોમાં ઊલટસુલટ કરવાની ષ્ટિ અસમ્યક્ (મિથ્યા) છે, આ ક્રિયાથી ત્યારે જ હઠી શકાય કે જ્યારે એનાથી ભિન્ન એવી અપરિણામી વસ્તુમાં નિશ્ચલરૂપ વસ્તુમાં નિશ્ચલ રહે.

નિશ્ચય સ્વ-સત્‌નો સંગ થવો એ જ પૂજ્ય 'સદ્‌ગુરુદેવ'ના સંગનું ફળ હોવું જોઈએ. વર્તમાનમાં જ હું પરિપૂર્ણ છું તો વર્તમાનથી જ કોઈનાથી લાભ કે નુકસાન નથી.

**ધર્મસ્નેહી નિહાલચંદ્ર**

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્‌સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે-૨૦૧૯)નું શુલ્ક વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૨ A



**પ્રશ્ન :-** સહેજે ઉપયોગ પાછો વળે છે અને જાણવામાં ભેદનું લક્ષ છૂટી જાય છે?

**ઉત્તર :-** ભેદનું લક્ષ છૂટી જાય છે. જાણવામાં ભેદ ઉપર લક્ષ જ્યાં છૂટી જાય છે. રાગ છૂટે તો એ ભેદવાળો ઉપયોગ પલટે છે. જ્યાં સુધી રાગ બહાર છે ત્યાં સુધી ઉપયોગ બહાર જ જાય છે. એનો રાગ બહારથી મંદ પડે તો એ અંદર જાય છે. એટલે પોતા તરફ ઉપયોગને લીન કરે છે, સ્થિર કરે છે તો વિકલ્પ છૂટીને તો એની નિર્વિકલ્પ દશા થાય છે.

**પ્રશ્ન :-** તો જે સ્થિર કરે છે ત્યાં રાગ છોડવાનો એનો અભિપ્રાય રાગ છોડવાનો છે.

**ઉત્તર :-** અભિપ્રાય રાગ છોડવાનો છે.

**પ્રશ્ન :-** અને પછી જ્ઞાન સ્વ તરફ વળતાં ભેદનું લક્ષ છૂટી જાય છે?

**ઉત્તર :-** ભેદનું લક્ષ સહેજે છૂટી જાય છે. આચાર્યદેવ કહે છે ને ઘણું કહેવાઈ ગયું, ઘણી વાત થઈ ગઈ. બસ હવે બસ થાવ. અંદર સ્વરૂપમાં લીન થાવ. એટલે જે જાણવા તરફ ઉપયોગ હતો એની સાથે રાગ આવે છે. જે ખંડ ખંડ થાય છે. એટલે આકુળતા થાય છે. એટલે સ્વરૂપમાં સ્થિર થાય છે. આમ છે.

**પ્રશ્ન :-** માતાજી! એટલે એમાં નિર્વિકલ્પ અનુભવ વખતે એમ કહેવાય કે જ્ઞાનનું અવલંબન તો એક જ્ઞાયકનું જ છે. પણ જાણવાનું બધું એ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદને એ પ્રમાણે અવલંબન રાખીને આને જાણે છે.

**ઉત્તર :-** એને પોતાને શ્રદ્ધાએ આશ્રય લધો છે દ્રવ્યનો, એમ જ્ઞાને પણ આશ્રય લીધો છે. પણ એનું કાર્ય બધું જાણવાનું છે. એનું કાર્ય જાણવાનું છે. જ્ઞાનના આશ્રયમાં પણ દ્રવ્ય છે. અને દૃષ્ટિના આશ્રયમાં પણ દ્રવ્ય છે. એમાં લીનતા પણ જે ઠરે એ પોતે સ્વરૂપનો આશ્રય લઈને લીનતા કરે છે. પણ જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જો જાણવાનો સ્વભાવ ન હોય તો વેદનને જાણે કોણ? સ્વાનુભૂતિને જાણે કોણ? સ્વાનુભૂતિ પોતે પોતાને નથી જાણતી. જ્ઞાન એને જાણે છે. જ્ઞાન બધાને જાણે છે. એનો જાણવાનો સ્વભાવ છે. જ્ઞાન પોતે દ્રવ્યને જાણે છે અને દ્રવ્યનો આશ્રય કરે છે જ્ઞાન, ગુણોને જાણે છે જ્ઞાન, પર્યાયોને જાણે છે એમ જ્ઞાન બધાને જાણે છે. નિર્વિકલ્પદશામાંથી બહાર આવે તો એ સ્વાનુભૂતિ થઈ તે બધું જ્ઞાન જાણે છે. વિવેક કરે છે. બહાર આવીને પણ કઈ જાતના વિચારો અને કઈ જાતનું અંદર સ્વરૂપમાં લીન થવું એ બધું જ્ઞાન જાણે છે. દૃષ્ટિ એક આશ્રય કરે છે. જ્ઞાન પણ આશ્રય કરે છે.

જ્યાં સુધી અંતરમાં ભેદજ્ઞાનની દૃષ્ટિનો આશ્રય જોરદાર ન થાય, એનો આશ્રય દૃષ્ટિમાં જોરદાર ન થાય ત્યાં સુધી જ્ઞાનમાં પણ એ જોરદાર થાતું નથી. અને ત્યાં સુધી ઠરી શકતો નથી. અંદર ભેદજ્ઞાન થાય કે હું આ બધા રાગથી, આ બધા વિકલ્પથી છૂટો ન્યારો જ્ઞાયક છું એમ એને અંદરમાંથી શ્રદ્ધાનું જોર આવે કે હું

એક જ્ઞાયક છું. તો એનાથી છૂટો પડે અને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે. એને પ્રયોજન અંદર લગની લાગે કે મૂળ પ્રયોજનભૂત જાણી લીધું, બસ હવે સ્વરૂપમાં ઠરી જાવું છે કે આત્માનું એક પ્રયોજન સાધવું છે. એટલે આત્માને આશ્રયમાં લઈને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે. ઉપયોગ બહાર જાતો હોય એને અંતરમાં લાવે છે. તો એમાં પુરુષાર્થ જો એનો યથાર્થ થાય અને જો યથાર્થ થાય તો એને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. પણ એ એકધારાએ (ચાલે તો). શાસ્ત્રમાં આવે છે ને? છ મહિના એકધારાએ એવો અભ્યાસ તું કર. દૃષ્ટિનો આશ્રય કરીને ભેદજ્ઞાનની એવી જાતની અંદરથી દશા પ્રાપ્ત કર અને જો સહજ રીતે તારી ધારા થાય તો અંદર નિર્વિકલ્પદશા અને સ્વાનુભૂતિ થયા વગર રહેશે નહિ. એમ આચાર્યદેવ કહે છે. ઉપયોગ અંતરમાં લાવવાનું આચાર્યદેવ કહે છે. મતિ-શ્રુતનો ઉપયોગ એટલે કે એનો રાગ છૂટે તો ઉપયોગ અંદર આવે. રાગ છૂટ્યા વગર ઉપયોગ અંદર આવતો નથી.

***(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)***

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**आणाए धम्मो आणाए तवो।**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર) કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજા બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.

## પુનઃ પ્રકાશન તથા નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત ચિંતન કણિકાઓનું પુસ્તક 'અનુભવ સંજીવની' ગુજરાતીમાં તથા 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (ગુજરાતી તથા હિન્દી) પુનઃ પ્રકાશન થઈને આવી ગયેલ છે. જેની મુમુક્ષુભાઈઓએ નોંધ લેવા વિનંતી.

શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો રાજ હૃદય ભાગ—૧ તથા ભાગ—૨ પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવશે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનેનો સ્વાધ્યાય અર્થે આ પુસ્તક મંગાવવા હોય તેઓએ નીચેના મોબાઈલ ઉપર વોટ્સ અપ કરવા વિનંતી. અતીન જૈન—૯૩૬૮૬૮૩૯૯૧




**૧૯૩**

**મુંબઈ, પોષ વદિ ૨, સોમ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ,**

અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે. જેથી તેઓએ જે જે વિજ્ઞાપન કર્યું તે અમે વાંચ્યું છે. યથાયોગ્ય અવસર પ્રાપ્ત થયે એ વિષે ઉત્તર લખી શકાય તેવું છે; તેમ જ હમણાં આશ્રમ (સ્થિતિમાં પ્રવર્તે છે તે સ્થિતિ) મૂકી દેવાનું કંઈ અવશ્ય નથી; અમારા સમાગમનું અવશ્ય જણાવ્યું તે ખચીત હિતસ્વી છે. તથાપિ અત્યારે એ દશાનો યોગ આવે તેમ નથી. નિરંતર અત્ર આનંદ છે. ત્યાં ધર્મયોગની વૃદ્ધિ કરવા સર્વને વિનંતી છે.

**વિ. રા.**

**૧૯૪**

**મુંબઈ, પોષ, ૧૯૪૭**

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી એટકે એ માટે જે કંઈ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અચળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો! આ જીવે સર્વ કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

**(અનુસંધાન પાના નં.૧૭ પર...)**

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૦૮મી જન્મજયંતી પ્રસંગે
## કોટી કોટી વંદન!
## પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની વિષે
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ભાઈશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્ગાર !



એમની જે સત્સંગની ભાવના, ઉપકારી સત્પુરુષ પ્રત્યેની ભક્તિ, એમની જે ગૃહસ્થાદિ દશામાં ઉદાસીનતા અને એમની જે દષ્ટિની, દષ્ટિમાં તત્ત્વની પકડ - આ ચાર પડખાં એમના વચનોમાંથી બહુ સરસ નીકળે છે! ચારે ચાર પડખાં એવા સરસ નીકળે છે કે ઈ આત્મા કેવા હતા એ તરત ખબર પડે એવી વાત છે. ચાર પડખેથી જો એને વિચારવામાં આવે તો એમના શબ્દદેહ ઉપરથી એમના આત્માનો સીધો આંક આવી જાય એવું છે. એવો સરસ વિષય છે.

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)